# પેસેન્જરોને રીક્ષામા બેસાડી, પેસેન્જરના સ્વાંગમા તેઓને છરી બતાવી મોબાઇલ ફોનની લુંટ કરી, પેસેન્જરને નીચે ઉતારી દેતી ગેંગને ઝડપી પાડતી, સુરત શહેર ક્રાઇમ બ્રાંચ.

સુરત શહેરમાં બનેલ શરીર/મિલ્કત સંબધી અનડીટેકટ ગુનાને શોધી કાઢવા ક્રાઇમ બ્રાંચના પો.સ.ઈ.શ્રી વી.વી.ભોલાનાઓ તેમની ટીમ સાથે પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન સાથેના પોલીસ માણસો અ.પો.કો. રાઘવભાઇ કરશનભાઇ તથા અ.પો.કોન્સ. હીંમતભાઇ ખીમાભાઇનાઓને મળેલ બાતમી હકીકત આધારે ઉધના પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં. ૩૩૦/૨૦૧૯ ઇ.પી.કો. કલમ ૩૯૨,૧૧૪ મુજબના કામે અજાણ્યા ઇસમોએ ફરી.શ્રીને રીક્ષામા પેસેન્જર તરીકે બેસાડી આરોપીઓએ ફરીયાદીને છરી બતાવી પેટના ભાગે છરી રાખી દીધેલ અને મોબાઇલ આપી દેવાની ધમકી આપી ફરીયાદીને ગભરાવી દઇ ફરીયાદીને ડરાવી સેમસંગ કંપનીનો એ-૫૦ મોડેલનો મોબાઇલ ફોન કી.રૂ.૧૦૦૦૦/- નો લુંટી લઇ ફરીયાદીને નીચે ઉતારી દીધેલ દરમ્યાન ફરીયાદી પાસે તાત્કાલીક આરોપીઓની બીજી ઓટો રીક્ષા આવી જતા તેને કયાં જવુ છે? તેમ કહી તેનુ ધ્યાન ભટકાવી આગળની રીક્ષાને ભગાડી દેવામાં મદદગારી કરી લુંટ કરી નાશી ગયેલ જે ગુનામાં સંડોવાયેલ આરોપીઓને ભેસ્તાન આવાસ પાણીની ટાંકી પાસેથી (૧) નિજામુદ્દીન ઉર્ફે નિજામ S/O અલ્લાઉદ્દીન શેખ રહે. ઘર નં.૧૦૨, મોમનાવાડ તાતવાડા એવરગ્રીન બેકરી પાસે નવસારી બજાર રોડ, સુરત (૨) ફીરદોસ ઉર્ફે ફીરોજ ઉર્ફે ઇમરાન ઉર્ફે ઇમરાન ફાવડા S/O સઇદ શેખ રહે. ઘર નં.એ/૫, બીલ્ડીંગ નંબર-૫૦, ભેસ્તાન આવાસ, સુરત (૩) ઇરફાન ઉર્ફે ભીખા ઉર્ફે ભીખાકાના S/O ઇસ્માઇલભાઇ મુલતાની રહે. ઘર નં.એ/૧, બીલ્ડીંગ નંબર-૯૨, ભેસ્તાન આવાસ, સુરત (૪) રઇસ ઉર્ફે રઇસ સામાન S/O હનીફ શેખ રહે.ઘર નં.એ/૧૧, બીલ્ડીંગ નંબર-૬૭, ભેસ્તાન આવાસ, સુરત (૫) શરીફ S/O ગયાસુદ્દીન શેખ રહે. ઘર નં. ૪૮૯૩, વોર્ડ નં-૨, અલીમશા બાબાનો ટેકરો રફીક ટેલરના દુકાનના ઉપર ગોપીતળાવ ગેટના નજીકમાં નવસારી બજાર રોડ, સુરતનાઓને સદર ગુનામાં વપરાયેલ ઓટો રીક્ષા નંબર GJ-05-BW-1010 તથા એક નંબર વગરની ઓટો રીક્ષા મળી કુલ-૨ ઓટો રીક્ષા કી.રૂ. ૧૦૦,૦૦૦/-ના મત્તાના મુદ્દામાલ સાથે પકડી પાડી ઉપરોકત વણશોધાયેલ ગુનો શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરવામાં આવેલ છે.